## ૬ જાન્યુઆરી ૨૦૧૯ - મહિલામંડળ - ઉત્તર પત્ર - ગુણ - ૧૦૦

## શ્રેણી – ૧૦

**પ્રશ્ન૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.** **(૧૫)**

**(ક) પાઠની પૂર્તિ કરો.** **(૪)**

૧. ધમ્મજઝાણએ ? ધમ્મજઝાણે ચઉવિહે ચઉપ્પડોયારે પન્નત્તે તં જહા
૨. નેઆઉયં સંસુધ્ધં સલ્લકત્તણં સિધ્ધિ મગ્ગં

**(ખ) સવાલના જવાબ લખો.** (૫)

૧. સુખ આરોગ્ય અને શારીરીક સુખના સાધનો ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થવાથી અભિમાન કરવુ અને ન મળતા તેની લાલસા રાખવી તેને શાતા ગૌરવ કહે છે.
૨. અરિહંત કેવળી ભગવંતો મન વિનાના જીવોના ભાવો ને પણ જાણી શકે છે તે ઘટઘટની વાત જાણી દેખી રહ્યા છે. તેમ કહેવાય છે
૩. સંયમ જીવનના મૂળ ગુણ ૭૦ છે. તેને ચરણસિત્તેરી કહે છે.
૪. સાધુની અવગાહના જ ધન્ય ૨ હાથ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની કોઈ શકે.
૫. દુષ્પ્રમાર્જન વિધિ વિના, આળસપૂર્વક, ઊતાવળથી ઉપયોગ હીન પૂંજવુ તેને દુષ્પ્રમાર્જન કહે છે.

**(ગ) અર્થ લખો.** (૩)

૧. વિરઓમિ – નિવૃત્ત થયો છે, અટકયો છું.
૨. સિંઘાણ - નાકનો મેલ
૩. ઊભઓકાલં - બન્ને કાળ
૪. સવ્વેસુચેવ - સર્વ પ્રકારના અશુચિ સ્થાનોમાં ઉપજે તે
૫. સન્નિવાઈયં - રખે ! સન્નિપાત થાય
૬. પીઢ - પાટ, પાટીયું વગેરે.

**(ઘ) અર્ધમાગધી લખો.** (૩)

(૧) કહ્યા છે. - પન્નત્તે (૨) જાણીને ઓળખ્યા છતાં – જાણી પ્રીછી
(૩) ભોજન સંબંધી - ભોયણઉય (૪) ભોગવેલા હોય - પરિભુત્તં
(૫) પ્રતિલેખના - પડિલેહણાએ (૬) હોજો મારો - હુજ્જ મે.

**પ્રશ્ન ૨ ડાલાપાલાને આધારે જવાબ લખો.** (૧૫)

**(ક) સવાલ જવાબ લખો.** (૫)

૧. અનુયોગ દ્વાર સૂત્ર પ્રમાણ પદમાંથી આ થોકડો લેવામાં આવ્યો છે. એમાં સંખ્યાના ૨૧ બોલ, સંખ્યાના મુખ્ય ૩ પ્રકાર સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા આદિ માપ (કાળ)નું વર્ણન કરવામાં આવ્યું છે. (સંખ્યાતા આદિ ૨૧ બોલ )
૨. ચોથું અનંત - જ ધન્ય યુક્ત અનંત.
પાંચમું અનંત - મધ્યમ યુક્ત અનંત

૩. એકવીશ બોલ માં પ્રથમ જ ધન્ય સંખ્યાતા અને અંતિમ બોલ ઉત્કૃષ્ટ અનતા અનંત જેની રાશિ નથી.

૪. ચારેય પાલા ધાન્ય માપવાની પાલીના આકારે જાણવા. લંબાઈ, પહોળાઈ - ૧ લાખ યોજન (જંબુદ્વીપ સમાન ગોળ) ઊંડાણ – ૧ હજાર યોજન. જગતિ – ૮ યોજન (૧૦૦૦ યોજનની ઉપર) કોટિ. વેદિકા – તેની ઉપર અડધો યોજનની (શિખા) કુલ ઉંડાઈ - ૧૦૦૮ ૧/૨ યોજનની જગતિ અને વેદિકા સહિત.

૫. જે તે રકમને તે જ રકમ વડે તેટલી જ વાર ગુણા કરવી તેને પરસ્પર અભ્યાસ કહે છે. દા.ત. ૫ ને ૫ વાર ગુણા કરવી. ૫ x ૫ x ૫ x ૫ x ૫ = ૩૧૨૫ થાય.

**(ખ) ખાલી જગ્યા પૂરો.** (૩)

૧. અનવસ્થિત પાલો.

૨. જઘન્ય પરિત્ત અસંખ્યાત, જઘન્ય યુક્ત અસંખ્યાત

૩. પ્રતિશલાકા, મહાશલાકા

૪. ડાલાપાલા

**(ગ) ટૂંકમાં સમજાવો** (૭)

૧. ચોથુ અસંખ્યાતા – જઘન્ય પરિત્ત અસંખ્યાતની સંખ્યાને (રાશિને) પરસ્પર અભ્યાસરૂપ ગણવાથી જે સંખ્યા મળે તેને જઘન્ય યુક્ત અસંખ્યાત (૪થું અસંખ્યાત) કહેવાય. ૧ આવલિક સમય ૪થા અસંખ્યાત જેટલા જાણવા. જઘન્ય યુક્ત અસંખ્યાતમાં ૧ સંખ્યા ન્યૂન એટલે ૩જું અસંખ્યાત ઉત્કૃષ્ટ પસ્તિ અસંખ્યાતની રાશિ મળે.

૨. (અ) પાણીના ૧ ટીપામાં અસંખ્યાતા પર્યાપ્તા જીવો હોય છે.

(આ)પાણીના ૧ ટીપામાંથી એક એક જીવ નીકળીને જો સરસવના દાણા જેવડી કાયા કરે તો ૧ લાખ યોજનનો જંબુદ્વીપ છે તેમાં તે જીવો સમાય નહીં. સંખ્યાતા જંબુદ્વીપ ભરાઈ જાય તો પણ ઘણાં જીવો બહાર રહી પણ જાય તેટલા જીવો પાણીના ૧ ટીપામાં હોય છે. તેની નિશ્રામાં અસંખ્ય અપર્યાપ્તા જીવો રહેલા છે. તેની નિશ્રામાં નિગોદના અનંતા પર્યાપ્તા જીવો તેની નિશ્રામાં અનંતા અપર્યાપ્તા જીવો રહેલા છે. એમ જ્ઞાનીએ જ્ઞાનથી જાણ્યું છે. વિચાર તો કરો પાણીના ૧ ટીપામાં કેટલી હિંસા ?

૩. સંખ્યાતા ના ૩ પ્રકાર છે.

(અ) જઘન્ય સંખ્યાતા - માત્ર ૨ની સંખ્યા.

(આ) મધ્યમ સંખ્યાતા – જઘન્ય ૩,૪,૫ થી કરીને ઉત્કૃષ્ટ સંખ્યાતા થી ૧ સંખ્યા ન્યૂન સંખ્યા.
(જઘન્ય પરિત અસંખ્યાતથી ૨ સંખ્યા ન્યુન એટલે મધ્યમ સંખ્યાતાની ઉચ્ચત્તમ સંખ્યા મળે.)

(ઈ) ઉત્કૃષ્ટ સંખ્યાતા – જઘન્ય પરિત્ત અસંખ્યાત થી ૧ સંખ્યા ન્યુન.

**પ્રશ્ન ૩ પુદ્દગલ પરાવર્તનનાં આધારે જવાબ લખો.** (૧૫)

**(ક) સવાલ ના જવાબ લખો.**

૧. દ્રવ્ય પુદ્દગલનાં ૨ ભેદ. (૧) બાદર દ્રવ્ય પુદ્દગલ પરાવર્તન. (૨) સૂક્ષ્મ દ્રવ્ય પુદ્દગલ પરાવર્તન,

૨. સૂક્ષ્મ દ્રવ્ય પુદ્દગલ પરાવર્તનનાં ૭ ભેદ. છેલ્લા બે ના નામ
૬ - વચન પુદ્દગલ પરાવર્તન,
૭ - શ્વાસોચ્છવાસ પુદ્દગલ પરાવર્તન

૩. સૂક્ષ્મ ભાવ પુદ્દગલ પરાવર્તન - એક જીવ પોતાના મરણ દ્વારા જેટલા સમયમાં અનુભાગ બંધ અને રસબંધના કારણ રૂપ સમસ્ત અધ્યવસાય સ્થાનને (કષાય, અશુભ લેશ્યા) ક્રમથી પૂરા કરે તેટલા સમયને સૂક્ષ્મ ભાવ પુદ્દગલ પરાવર્તન કહેવયા.

૪. એક પુદ્દગલ પરાવર્તન અનંત અવસર્પિણી અને અનંત ઉત્સર્પિણી કાળ પ્રમાણ હોય.

૫. ભવિષ્યમાં ૨૪ દંડકમાંથી જે જીવો આ ભવ છેલ્લો હોય અથવા એકાદ ભવ કરીને મોક્ષે જવાના હોય તેવા જીવો પુદ્દગલ પરાવર્તન નહી કરે. ચરમ શરીરી જીવો, અરિહંત દેવો, કેવળી હવે પુદ્દગલ પરાવર્તન તે જ નહી કરે. કારણ કે તેઓ ભવે સર્વ કર્મથી મુક્ત થઈ મોક્ષમાં બિરાજશે.

**(ખ) ખાલી જગ્યા પૂરો.** **(૩)**

૧. ૮, ઔદારિક ગ્રહણ, યોગ્ય વર્ગણા, વૈક્રિય ગ્રહણ.

૨. ભગવતિ સૂત્ર શતક ૧૨ ઉદ્દેશો ૪ સૂત્ર, પાંચમો કર્મગ્રંથ પ્રદેશ બંધ દ્વાર.

૩. બાદર ક્ષેત્ર પુદ્દગલ પરાવર્તન

**(ગ)** **(૭)**

૧. (અ) દુનિયામાં દેખાતી જેટલી પણ દુર્ગંધમય વસ્તુ છે જેની પાસે આપણે ઊભા પણ રહેવા તૈયાર નથી તે જ પુદ્દગલ અનંતવાર ભૂતકાળમાં આપણા ઔદારિક રૂપે ભૂતકાળમાં હતા.

(આ) દુનિયામાં દેખાતી ખરાબ વર્ણવાળી જેટલી પણ વસ્તુ છે તે જ પુદ્દગલ અનંતીવાર આપણા ઔદારિક શરીર રૂપે ભૂતકાળમાં હતા.

**(ઈ)** આજે તું જે સુગંધમય અત્તર છાટે છે તે જ પુદ્દગલ દુર્ગંધમય રૂપે આપણા ઔદારિક શરીર રૂપે ભૂતકાળમાં હતા.

(ઉ) પુદ્દગલ પરાવર્તન કહે છે કે પર પુદ્દગલથી ખસ અને સ્વ માં વસ.

૨. સર્વે જીવો એ સૌથી થોડા વૈક્રિય પુદ્દગલ પરાવર્તન કર્યાં.
તેથી વચન પુદ્દગલ પરાવર્તન અનંત ગુણા
તેથી મન પુદ્દગલ પરાવર્તન અનંત ગુણા
તેથી શ્વાસોચ્છવાસ પુદ્દગલ પરાવર્તન અનંત ગુણા
તેથી તેજસ પુદ્દગલ પરાવર્તન અનંત ગુણા
તેથી કામર્ણ પુદ્દગલ પરાવર્તન અનંત ગુણા કર્યા.

**૩.** ઔદારિક શરીરમાં રહીન`દુનિયામાં જે સર્વ પુદ્દગલો છે તેને ઔદારિક રૂપે ગ્રહણ કરીને બધ્ધ અને સ્પૃષ્ટ કર્યા અને તે જ પુદ્દગલને ભોગવીને નિર્જરા કરીને છોડયા તેને ઔદારિક પુદ્દગલ પરાવર્તન કહે છે.

## પ્રશ્ન ૪ આયુષ્યનાં ૧૮૦૦ ભાંગા **(૧૩)**

**(ક) માત્ર સંખ્યામાં જવાબ લખો.** **(૨)**

૧. ૧૯ દંડક

૨. ૫ દંડક (૫ એકેન્દ્રિયના દંડક)

૩. ૪ દંડક

૪. જઘન્ય ૧, ૨, ૩, થી ઉત્કૃષ્ટ ૮ આકર્ષે

**(ખ) સવાલનાં જવાબ લખો.** **(૬)**

૧.

| સોપક્રમી | નિરૂપક્રમી |
|---|---|
| (અ) જેનું આયુષ્ય કોઈ ઉપક્રમથી તૂટી શકે અથવા ન પણ તૂટી શકે તે સોપક્રમી. | જેનું આયુષ્ય કોઈપણ ઉપક્રમ થી તૂટી ન શકે તે નિરૂપક્રમી. |
| (આ) આયુષ્ય પૂર્ણ ભોગવાય અથવા અપૂર્ણ ભોગવાય. | આયુષ્ય પૂર્ણ જ ભોગવાય. |
| (ઈ) બીજું નામ અપર્વતનીય આયુષ્ય. | બીજું નામ અન પર્વતનીય આયુષ્ય. |
| (ઉ) આયુષ્ય અપૂર્ણ ભોગવાય તો પણ આયુષ્ય કર્મના દલિકો બધા જ ભોગવાઈ જાય. | આયુષ્ય પૂર્ણ જ ભોગવાય માટે યોગ્ય સમયે જ આયુષ્ય કર્મના દલિકો બધા જ ભોગવાઈ જાય. |

૨. સઅંતર - સમયના અંતર સહિત જીવો યોનિમાં ઉપજે તેને સઅંતર કહેવાય. કોઈ એક જીવ પહેલાં સમયે ઉપજ્યો. પછી બીજા સમયે કોઈ જીવ ઉપજ્યો નહિ. ફરી ત્રીજી સમયે જીવ ઉપજે તેને સમયના સઅંતર સહિત ઉપજે કહેવાય.

નિરંતર - સમયના અંતર રહિત જીવો યોનિમાં ઉપજે તેને નિરંતર કહેવાય. કોઈ એક જીવ પહેલાં સમયે જન્મે, બીજે જીવ બીજા સમયે જન્મે, ત્રીજો જીવ ત્રીજા સમયે જન્મે આ રીતે જન્મતા જીવોને નિરંતર જન્મે કહેવાય.

૩. (૧) અધ્યવસાય (૨) નિમિત્ત (૩) આહાર (૪) વેદના (૫) પરાઘાત (૬) સ્પર્શ (૭) શ્વાસોચ્છવાસ.

**(ગ)** **(૫)**

૧. આયુષ્યના ૧૮૦૦ ભાંગા.

૧ સમુચ્ચય જીવ + ૨૪ દંડકના એકે ક જીવ અપેક્ષાએ ૨૫ આયુષ્ય જાતિ, ગતિ, સ્થિતિ, અવગાહના, પ્રદેશ અને અનુભાગ એ ૬ બોલે કરી બાંધે. ૨૫ x ૬ = ૧૫૦ ભાંગા થયા. ૧ સમુચ્ચય જીવ + ૨૪ દંડકના ઘણા બહુ જીવો ૬ બોલે કરી આયુષ્ય બાંધે. ૨૫ x ૬ = ૧૫૦ ભાંગા થયા. ૧૫૦ +૧૫૦ = ૩૦૦ ભાંગા થયા.

૩૦૦ ભાગા નિધ્ધત્ત આયુષ્યના અને ૩૦૦ ભાંગા નિકાચિત આયુષ્યના એટલે ૬૦૦ ભાંગા થયા. ૬૦૦ ભાંગા નામ કર્મ સાથે, ૬૦૦ ભાંગા ગોત્ર કર્મ સાથે અને ૬૦૦ ભાંગા નામ ગોત્રના સાથે ગણતા કુલ આયુષ્યના ૧૮૦૦ ભાંગા થયા.

૨. નીચેના જીવોને કયું આયુષ્ય હોય ?

૧. નારકી – નિરૂપક્રમી (૨) દેવતા – નિરૂપક્રમી (૩) તીર્થંકર - નિરૂપક્રમી (૪) ચક્રવર્તી - નિરૂપક્રમી (૫) એકેન્દ્રિય જીવો. - સોપક્રમી / નિરૂપક્રમી (૬) ગર્ભજ મનુષ્ય - સોપક્રમી / નિરૂપક્રમી (૭) તિર્યંચ પંચન્દ્રિય - સોપક્રમી / નિરૂપક્રમી (૮) સંમુર્ચ્છિમ મનુષ્ય - સોપક્રમી / નિરૂપક્રમી

**પ્રશ્ન-૫ વિરહ પદના આધારે જવાબ લખો** **(૧૨)**

૧. નીચેના બોલનો જઘન્ય વિરહ લખો. (૨)

(ક) ૧ લી નરક – ૧ સમય, (ખ) ૧લું દેવલોક – ૧ સમય, (ગ) ભરત અને ઈરવતનાં ૪ તીર્થ - ૬૩૦૦૦ વર્ષ ઝાઝેરુ. (૨) ચંદ્રગ્રહણ નો વિરહ - ૬ મહિના.

૨. નીચેનો ઉત્કૃષ્ટ વિરહ કોનો છે તે લખો

(ક) ૧૨ દિવસનો – નવીન શ્રાવક, (ખ) ૧ મહિનાનો – ૪થી નરક, (ગ) ૮૦ દિવસનો – ૭મું દેવલોક,

(ઘ) ૪ મહિનાનો – ૬ઠ્ઠી નરક

૩. નીચેનો ઉત્કૃષ્ટ વિરહ ૧ કરતાં વધારે બોલોમાં છે, તે બધાં બોલ લખો. (૩)

(અ) ૨૪ મુહર્ત – ૧લી નરક, ભવનપતિ દેવ, વાણવ્યંતર દેવ, જ્યોતીષી દેવો, ૧લું – ૨જું દેવલોક, સમૂર્ચ્છિમ મનુષ્ય.

(બ) ૧૫ દિવસ – ૩જું નરક, નવીન સાધુ.

(ક) દેશે ઉણા ૧૮ ક્રોડા-ક્રોડી સાગરોપમ

ભરત, ઈરવત ક્ષેત્રમાં તીર્થંકર.

ભરત, ઈરવત ક્ષેત્રમાં ૪ તીર્થ.

ભરત, ઈરવત ક્ષેત્રમાં સામાયિક, છેદો પસ્થાપનીય ચારિત્ર.

ભરત, ઈરવત ક્ષેત્રમાં પરિહાર વિશુધ્ધ ચારિત્ર

૪. વૈરાગ્ય બિંદુનાં ૩ મુદ્દા લખો.

(અ) મોડામાં મોડા ૧૨ મુહૂર્ત પછી ૧ જીવ તો ૨ ગતિમાંથી નરક ગતિનો મહેમાન બને જ છે. ભયંકર દુઃખ ભોગવવા નરકમાં આવે છે. જગતમાં પાપ કરનારા જીવો કેટલા ? જો પાપ ન કરે તો નરક ના મહેમાન ન બને.

(આ) જગતમાં પુણ્ય કરનારા પણ તેટલા જ છે. ૧૨ મુહૂર્તે એક જીવ દેવગતિમાં અવશ્ય જાય જ છે. તો વિચાર કરો કે આપણે પાપ કરવા છે કે પુણ્ય અને નરકમાં જવું છે કે દેવગતિમાં ?

(ઈ) ૬ મહિને ૧ જીવ સિધ્ધ ગતિમાં અવશ્ય જાય છે. આવા કેટલા અનંત ૬-૬ મહિના પસાર થઈ ગયો તો પણ આપણે અહીં જ છીએ. હજી કેટલાક ૬ મહિના પસાર કરવા છે તે વિચારો.

(ઉ) ૬ મહિને ૧ જીવ અવશ્ય સિધ્ધમાં (મોક્ષમાં) જાય છે અને ૬ મહિને ૧ જીવ અવશ્ય ૭મી નરકે જાય છો તો આપણે કયાં જવું છે જ્યાં જવું હોય તેવા કામ કરો.

૫. નીચેના નો જઘન્ય ઉત્કૃષ્ટ વિરહ લખો. (૨)

૬૪ ઇન્દ્ર – જઘન્ય – ૧ સમય ઉત્કૃષ્ટ - ૬ મહિના

૧-૨-૩ ગૈવૈયકનો જઘન્ય – ૧ સમય ઉત્કૃષ્ટ સંખ્યાના ૧૦૦ વર્ષનો.

**પ્રશ્ન-૬ સંસ્કાર વિભાગ (૧૦)**

૧. - કોઈ વસ્તુ તૂટી જાય, બગડી જાય કે નષ્ટ થઈ જાય તેવું મારાથી પણ થઈ શકે છે.
વસ્તુ બગડી જાય કે તુટી જાય તે તો પુદ્દગલ છે અને પુદ્દગલ માટે શા માટે પરિણામ બગાડવા ?
જે વસ્તુનું સર્જન થાય છે તે બગડે છે અને નષ્ટ પણ થાય છે પુદ્દગલો નો તો સ્વભાવ જ એવો છે.
જેનાથી વસ્તુ બગડે તેને માફ કરવાથી નિર્જરા અને સંવરનો લાભ તપ દ્વારા મળે છે.

૨. (અ) મન જો દીવો બને તો પ્રકાશ આપે, સદ્ગતિ, મોક્ષ અપાવે.
(આ) મન જો દાવાનળ બને તો દુર્ગતિમાં ધકેલી દે.
(ઈ) દુ:ખ, સંસાર અને અશાંતિનું કારણ મન જ છે.
(ઇ) મનના વર્તુળોનો કેન્દ્ર જો સ્વ મટીને સર્વ બની જાય તો વ્યક્તિ વ્યક્તિ મટીને વિભૂતી બની જાય.

૩. વાણીમાં જિનવચનની દ્રઢધર્મતા અને પ્રિયધર્મતા નીતરે તેવું બોલવું.
વચનના નિંદા, ખોટી ખુશામત, ગુસ્સો, લડાઈ, ઝઘડા ચાડી ચુગલી, કલેશ આદિ અવગુણોથી મુક્તિ મેળવવાની.

૪. (અ) ધર્મ સાધનામાં સંસારની વાતો કરવી નહિ. ધાર્મિક વાતો જતનાપૂર્વક કરવી.
(આ) સવારે ઊઠીને સૌને જય જિનેન્દ્ર કહેવું.
(ઈ) ધર્મ શ્રવણ કરવું.
(ઇ) ઉપાશ્રયમાં પ્રવેશતા પહેલા ૩ વાર નિસ્સહી શબ્દ બોલવો.
(ઉ) વાણીમાં જિનવચનની દ્દઢધર્મતા અને પ્રિય ધર્મતા નીતરે તેવું બોલવું.

**૫. કાયાની દુર્લભતાના બે મુદ્દા લખો.**
(અ) સાધારણ નામ કર્મના ઉદયે અનંતા જીવોને એક જ શરીર મળ્યું છે. (અનંતા જીવો વચ્ચે ૧ શરીર)
(આ) સ્થાવર નામ કર્મના ઉદયે એકેન્દ્રિય જીવો એક સ્થાને થી બીજે સ્થાને જઈ શકતા નથી.
(ઈ) વિકબેન્દ્રય જીવોને વિચિત્ર આકારના શરીર મળ્યા છે.
(ઇ) સંમૂર્ચ્છિમ મનુષ્યો તો વિષ્ટામાં જ જન્મ-મરણ કરે છે.

**પ્રશ્ન. – ૭ કયા વિભાગ (૧૦)**

૧. તેતલીપુત્રને પોટ્ટિલા પરથી સ્નેહ ઓછો થવા લાગ્યો. પોટ્ટિલા તેમને અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોહર, અમનોરૂપ લાગવા લાગી હતી. પોટ્ટિલાનું નામ ગોત્ર સાંભળવું પણ તેતલીપુત્રને પસંદ નહોતુ આથી પોટ્ટિલા ઉદાસ થઈ આર્ત્તધ્યાન કરવા લાગી.

૨. પોટ્ટિલાને ઉદાસ જોઈ તેતલીપુત્રે પોટ્ટિલાને પોતાની ભોજનશાળામાં અન્ન, પાણી, ખાઈમં આદિ આહાર તૈયાર કરાવડાવી શ્રમણ, બ્રાહ્મણ, ભિક્ષુક યાચકોનો દાન આપવા અનુજ્ઞા આપી.એક સમયે બહુસૂત્ર બ્રહ્મચારિણી એવા સુવ્રતા સાધ્વીજીના શિષ્યા તેતલીપુત્રને ત્યાં પધાર્યા. પોટ્ટિલા એ પ્રેમથી આહાર પાણી વહોરાવ્યા અને કહ્યું. પહેલાં હું તેતલિપુત્રને ઇષ્ટ હતી પરંતુ હવે અનિષ્ટ અકાંત લાગું છું માટે આપ તો ભણેલા જાણકાર છો મને કોઈ ઔષધ કે મંત્ર, કામણયોગ આપો જેથી હું પાછી તેમને પ્રિય બનું. સાધ્વીજીઓ એ તો આ વાત નકારી અને કહ્યું અમે તો ફક્ત કેવળી ધર્મનો ઉપદેશ આપી શકીએ. પોટ્ટિલા એ તે સાંભળવાની ઇચ્છા દર્શાવી. સાધ્વીઓએ કેવળી પ્રરૂપિત ધર્મનો ઉપદેશ આપ્યો. ત્યારથી પોટ્ટિલા નિર્ગ્રંથ પ્રવચન પર શ્રધ્ધા કરનારી બની ગઈ. ૪ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત રૂપી શ્રાવકના વ્રત અંગીકાર કર્યો અને પોટ્ટિલા શ્રાવિકા બની ગઈ.

૩. ઈશાનેન્દ્રે ક્રોધથી દાંત કચકચાવતા, દેવશય્યામાં બેઠા બેઠા ક્રોધિત થઈ ભૃકુટી ઉપર તાણીને બલીચંચા નગરી તરફ એકીટ સે જોવા લાગ્યા. ઇશાનન્દ્રેની ક્રોધ ભરી નેહ (દ્દષ્ટિ)થી તેજો લબ્ધિનો પ્રયોગ કરવાથી બલીચંચા નગરી અગ્નિથી બળવા લાગી.

૪. જીવ પ્રાણાતિપાત આદિ ૧૮ પ્રકારના પાપસ્થાનક નો ત્યાગ કરીને હળવાપણાને પ્રાપ્ત થાય છે. સંસાર ઘટાડે છે અને સંસારથી પાર પામે છે.

**૫.** તામલીએ ઉત્તર દિશાના અસુરેન્દ્ર અસુરરાજ બલીની રાજધાનીના અસુરકુમાર દેવોના નિવેદનનો અસ્વીકાર કર્યો. (ભવનપતિ દેવો) તેમણે તામલી તાપસને બલીચંચા નગરી ઇન્દ્ર અને પુરોહિત રહિત હોવાથી તેના માટે નિયાણું કરવા કહ્યું હતું જેનો તામલી તાપસે મૌન રહી અસ્વીકાર કર્યો. તેઓ ૬૦,૦૦૦ વર્ષનો દીક્ષા સંયમ, ૨ મહિનાના અણસણે, કાળ કરી (બીજા દેવલોક) ઇશાનવંતસક, ની સભામાં દિવ્ય વસ્ત્રોથી ઢાંકેલ દેવશય્યામાં (આંગુલના અસંખ્યાતમાં ભાગની અવગાહના) ઇશાન દેવલોકના ઇશાનેન્દ્ર તરીકે ઉત્પન્ન થયા.

**પ્રશ્ન. – ૮ કાવ્ય વિભાગ** **(૧૦)**

૧. સાત લાખ પૃથ્વી તણાં, સાત અપકાય,
તે મુજ મિચ્છામી દુક્કડમં
દશ લાખ પ્રત્યેક વનસ્પતિ, ચૌદ લાખ સાધારણ,
બે તે ચૌરેન્દ્રિય જીવના, બે બે લાખ વિચાર

૨. ઈષ્ટ વિયોગ પાડયા ઘણા, કીયા રૂદન વિખવાદ,

૩. તે મુજ મિચ્છામી દુક્કડમ
સાધુ અને શ્રાવક તણા, વ્રત લઈને ભાંગ્યા,

૪. મૂળ અને ઉત્તર તણા, મુજ દૂષણ લાગ્યા.

૫. ખાટકીને ભવે મેં કીધા, જીવ નાનાવિધ ઘાત,

૬. ચડીમાર ભવે ચરક્લા, માર્યા દિન ને રાત.... તે મુજ મિચ્છામિ દુક્કડમ

૭. કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર,

૮. જીવ અનેક જબ્બે કર્યા, કીધાં પાપ અધોર

**.... જય જિનેન્દ્ર ....**